સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

લ્યો! રાહુલ પણ વચનોનો વરસાદ નાખે છે
ને લેણા માફીથી બેન્કના વખાર ખોલી નાખે છે
ખોલી નાખે છે દિલના દરવાજા કરજા કરી
મફત પેન્શન-ભથ્થાં ભંડાર ખોલી નાખે છે
(રાહુલ હવે 'વડાપ્રધાન' માટે લાયક)

હાઈકુ

લગાડે ચેપ
યુવા મતદારને -
'આળશ-વૃત્તિ'

ન ઉઠો, જાગો
મફત મળે ત્યાં સુધી
સૂતેલા રહો

ચિંતન

यदि नो गां हंसियध्यं यदि पूरुषम् ।
तं त्वा सीसेन विध्यामो यथा नोऽसो अवीरहा ॥

ઉપરોક્ત શ્લોક અર્થવવેદમાંથી લેવામાં આવેલ છે.

જે આપણી ગાય વગેરે પશુધનને નષ્ટ કરે છે તે દંડનીય છે. અર્થાત્ જે માનવીય હિતોની અવગણના કરે તેનો વીરતાપૂર્વક વિરોધ કરવો જોઈએ.

ભારતમાં ગાયને સર્વશ્રેષ્ઠ સંપત્તિ માનવામાં આવી છે. ગાયથી બળ, પોષણ, શાંતિ, ઐશ્વર્ય અને ધર્મ આયુષ્ય પ્રાપ્ત થાય છે. ગાય, ઘોડા વગેરે પશુધન આપણા વેપાર અને ખેતીની કરોડ રજ્જુ ગણાયા છે. ગાય માનવીય હિતોનું પ્રતીક છે. જે દુષ્ટ આત્મા પશુધનને નુકશાન પહોંચાડે છે અથવા માનવજીવનની સફળતાના માર્ગમાં વિઘ્નો પેદા કરે છે. તે સમાજનો સૌથી મોટો દુશ્મન છે. આવા માણસોના અનીતિપૂર્ણ કાર્યોના ખૂબ જ હિંમતથી વિરોધ કરવો જોઈએ.

સુવિચાર

- ખુદ મેં ઝાંખનેં કે લીયે જીગર ચાહીયે...
  દુસરોં કી શિનાખ્ત (પહેચાન) કરને મેં તો હરશખ્સ માહીર હૈ - **ઈકબાલ અસરફ**
- 'તું' એમ ન સમજીશ કે હું રોઈ લઈશ... એ જિંદગી !! હું પણ તને જોઈ લઈશ... - **અહમદ મકરાણી**
- ખાવું છે તો ખાઈ લેવું અને નથી ખાવું તો નથી ખાવું...
  એનું નામ નિયંત્રણ - પણ 'નથી જ ખાવું' તો એ થયું 'સપ્રેશન' - **ગુણવંત શાહ**
- સલામત સ્થળે કોહવાઈ જવા કરતાં...
  નદીની જેમ ધસમસ વહી જઈ દરિયામાં જવું બહેતર - **જનકલ્યાણ**
- હું રોજ મારા મનને સતત એમ જ કહ્યા કરું છું..
  બે - ચાર સુખોનો તને ચસ્કો ન પડી જાય - **ગૌરાંગ ઠાકર**
- એક વખત સ્વતંત્ર રીતે વિચારતા આવડી જાય પછી
  આપણે જ આપણા શિક્ષક બની શકીએ છીએ - **શેખર કપૂર**
- આજનું ઔષધ : ટામેટાના રસમાં હીંગ ભેળવી પીવાથી કરમીયા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મુલ્લા નસરૂદ્દીન બજારમાંથી પસાર થતા હતા. તેમણે જોયું કે એક તગડો માણસ એક પતળા દુબળા માણસને મારી રહ્યો છે. જાડીયો તો પેલા દુબળા માણસ પર બેસી ગયો હતો. મુલ્લાને ગુસ્સો આવ્યો. એ કંઈ જાણ્યા - જોયા વગર જ પેલા તગડા માણસ ઉપર તૂટી પડ્યો. ખૂબ મહેનત કર્યા પછી પેલો તગડો માણસ પડ્યો. અને મુલ્લા અને પેલા પતળા માણસે થઈને જાડીયા ને માર્યો. અને તરત પેલો દૂબળો માણસ ભાગી ગયો. પેલો જાડો માણસ મુલ્લાને કહે, 'ભાઈ મારી વાત તો સાંભળો.' પણ મુલ્લા તો ગુસ્સામાં હતો. એ કંઈ સાંભળે ? જયારે પતલો ભાગી ગયો હતો. ત્યારે મુલ્લાએ જાડીયાને પૂછ્યું, 'બોલ, તું શું કહેવા માંગે છે?' જાડીયાએ કહ્યું, 'પેલો મારું ખિસ્સુ કાપીને ભાગી ગયો છે.' એ મારું ખિસ્સુ કાપતો હતો એટલે તો આ ઝપાઝપી થઈ, પેલાને પકડવાને બદલે તમે તો મને જ ટીપી નાખ્યો અને પેલાને જવા દીધો. મુલ્લા કહે... 'અરે...રે..' આ તો ખોટું થયું, મને પહેલાં કહેવું જોઈએ ને ??' જાડીયાએ કહ્યું, 'પણ તમે મારી વાત સાંભળો તો ને ? મેં કેટલી બૂમો પાડી કે મારી વાત સાંભળો પણ તમે તો મને જ મારવા લાગ્યા હતા....' જિંદગી બહુ જટિલ છે. અહીં કોણ ટીપી રહ્યું છે. કોણ પિટાઈ રહ્યું છે અને જે પિટાઈ રહ્યું છે તે ખરેખર પીટવા યોગ્ય છે કે નહીં, એની દરકાર કરવાનો સમય નથી હોતો. થોડીવારમાં મુલ્લાએ પેલા પાકીટમારને પકડ્યો તો પેલા પાકિટ મારે કહ્યું, 'લો આ પાકીટના અસલી હકદાર તમે જ છો. જો તમે ન આવ્યા હોત તો આજે મારું મોત નક્કી હતું.'

કર્ણાટકનું કોકડું ગૂંચવાતું જાય છે

તંત્રીસ્થાનેથી...

કર્ણાટક વિધાનસભા સત્રના પ્રારંભે રાજયપાલ વજુભાઈ વાળાને એમનું ભાષણ અધુરું મૂકી નીકળી જવું પડ્યું તે કર્ણાટક ભારતીય જનતા પાર્ટીના માનસનું પ્રતિબિંબ રજૂ કરતી ઘટના છે. વજુભાઈ વાળા ગુજરાતના કદાવર નેતા હતા અને મોદીના દિલ્હીગમન પછી મુખ્યમંત્રી પદના કુદરતી ઉમેદવાર હતા. આનંદીબેનને ગુજરાતની સત્તા સોંપવાનો આશય પાર પાડવા માટે મોદીએ એમને રાજયપાલ બનાવીને કર્ણાટક જેવા દૂરના રાજયમાં વિદાય કરી દીધા હતા. યેદિયુરપ્પાને સૌથી મોટી પાર્ટીના નેતા તરીકે ઉતાવળે મુખ્યમંત્રી પદના શપથ અપાવી દઈ મોટી નામોશી વહોરી હતી. યેદિયુરપ્પા પાસે વિધાનસભાના ફલોર પર બહુમતી સાબિત કરવાની ક્ષમતા નહોતી. પંદર દિવસ જેટલો લાંબો સમયગાળો આપી વજુભાઈ વાળા કર્ણાટકમાં ભાજપને આડા અવળા પક્ષપલટા અથવા જેડીએસ-કોંગ્રેસના ધારાસભ્યોને ગેરહાજર રાખવા જેવા કારસા કરવાની છૂટ આપવા તૈયાર હતા. અદાલતે એમને ટપાર્યા એથી ભાજપને સત્તાસ્થાને પ્રસ્થાપિત કરવાની તક ઝૂંટવાઈ ગઈ હતી. પરંતુ સૌથી મોટા પક્ષ તરીકે ચૂંટાઈ આવેલી પાર્ટીના નેતા અને ભ્રષ્ટાચારના આક્ષેપોસર જેલની હવા ખાઈ આવેલા યેદિયુરપ્પાને જતી જિંદગીએ ફરી એક વાર મુખ્યમંત્રી બનાવવાની એષણા પજવતી રહે તે સ્વાભાવિક છે. આથી તેઓ જેડીએસ-કોંગ્રેસના ધારાસભ્યોને તોડીને બહુમતી સ્થાપિત કરવા મથી રહ્યા છે. કોંગ્રેસી ધારાસભ્યોને સાચવવા ગમે તેટલા પ્રયાસો કરે તો પણ એ પૈકી કેટલાકની નારાજગી તો ઊડીને આંખે વળગે એવી છે. અંદરોઅંદરની નારાજગીમાં કોંગ્રેસી ધારાસભ્યો વચ્ચે છૂટા હાથની મારામારી પણ થવા લાગી તે શું સૂચવે છે? કોંગ્રેસથી વધુ પડતી જોહુકમીથી જેડીએસના સર્વોચ્ચ નેતા અને વર્તમાન મુખ્યમંત્રીના પિતા એચ.ડી. દેવગોવડાએ પણ કોંગ્રેસ તરફ પુણ્યપ્રકોપ દાખવ્યો હતો. દેવગોવડાએ પણ કોંગ્રેસ તરફ પુણ્યપ્રકોપ દાખવ્યો હતો. દેવગોવડા થોડા સમય પૂરતા દેશના વડાપ્રધાન તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે અને બિનસાંપ્રદાયિકતાના મુદ્દે ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ રચાઈ રહેલા મહાગઠબંધનના નેતા તરીકે પણ સક્રિય છે. દેવગોવડા જાણે છે કે દક્ષિણ ભારતના મહાગઠબંધનના વરિષ્ઠ નેતા તરીકે એમને ગઠબંધન સરકારમાં ભારે વજન અને વજૂદ સાંપડી શકે એમ છે. ગઠબંધન સરકારના વડા તરીકે પ્રાદેશિક પાર્ટીના નેતા તરીકે મમતા બેનરજી કે માયાવતી જેવી મહિલા અગ્રણીને આગળ ધરી દેવગોવડા પોતાના માટે રાષ્ટ્રપતિ પદનાં સોનેરી સોણલાં જોઈ રહ્યા હોય તે બનવાજોગ છે. કર્ણાટક પૅટર્ન પર ગઠબંધન કરીને પાંચ વર્ષ સુધી ટકી રહેવાશે કે કેમ તે પણ આ વિપક્ષી નેતાઓ માટે પણ મૂંઝવતો સવાલ તો છે જ. કર્ણાટકમાં ગઠબંધનમાં સતત ગરબડ ચાલતી રહી છે. તેનો રાષ્ટ્રીય સ્તરે ભાજપને સાંપડી શકે એમ છે. ભાજપ પાસે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત વડાપ્રધાન છે, જે હજી વિપક્ષના કોઈ પણ નેતાની સરખામણીમાં વધારે લોકપ્રિય છે. ગઠબંધન કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટીના નેતાને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે સ્વાકારવા તૈયાર નથી. કર્ણાટક પ્રયોગની સફળતા આની પાયાની ઈંટ હતી. જો કર્ણાટકમાં ગઠબંધનમાં ગરબડ ઊભી થઈ જશે તો તે આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપ પોતાની પાસે સક્ષમ નેતૃત્વ હોવાના મુદ્દે મતદાતાઓને આકર્ષવામાં સફળ થઈ શકશે.

બાળકને શું બનાવશો ? મજૂર, મેનેજર કે માલિક

રંગ-ઉમંગ
કાનન ઓઝા

કૉલેજના તાલીમાર્થીઓ સાથે રૂબરૂ મુલાકાત ચાલી રહી હતી. વર્ષ દરમિયાન તાલીમાર્થીઓએ કરેલ કામ અંગેની ચર્ચાઓ અને ભવિષ્ય શું કાર્ય કરશો તે અંગેની વાત થતી હતી. બે તાલીમાર્થી બહેનો અંગ્રેજી વિષય પદ્ધતિ સાથે શિક્ષકની તાલીમ રહી હતી. બંને બહેનોને અંગ્રેજી વિષયને લઈને ખૂબ જ સરસ પ્રશ્નો પૂછવામાં આવ્યા. બંને બહેનો લઘુતાથી પીડાતી હોય તેમ લાગ્યું. સરળ પ્રસ્નોના સાચા જવાબ આપી શકી નહીં. અમે હિંમત વધારવાના પ્રયત્નો કર્યા, પણ નાકામિયાબ રહ્યા. અમારાથી વધુ એક પ્રશ્ન પૂછાઈ ગયો કે, તમને અંગ્રેજી વિષયમાં રસ છે? અનાયાસે બંને બહેનોનો જવાબ સમાન હતો. બંને બહેનોએ કહ્યું કે ધો-૧૨ પછી અમે કૉલેજમાં પ્રવેશ લીધો ત્યારે અમારે અંગ્રેજી વિષય નહીં પણ અન્ય વિષય સાથે સ્નાતક બનવું હતું, પણ અમારા પપ્પા માન્યા નહિ. અને તેમના દબાણના કારણે જ અમે અંગ્રેજી વિષય લીધો હતો. તેમાં પણ એક બહેને જણાવ્યું કે, જયારે કૉલેજમાં પ્રવેશ લેવાનો સમય આવ્યો ત્યારે મેં મારા પસંદગીના વિષયની વાત કરી હતી. પણ પપ્પા માન્યા નહિ અને મને જણાવેલું કે, જો કૉલેજ કરવી હોય તો અંગ્રેજી વિષય સાથે જ કરવાની છે. અન્ય વિષય સાથે કૉલેજ કરવાની જરૂર નથી. ઘેર બેસી રહેશો તો પણ ચાલશે.

જો કોઈ વાલી પોતાના બાળકના રસરૂચિ જાણે, તેને શું પસંદ છે અને નાપસંદ છે તેની આવડત કે શક્તિ કેટલી છે. વગેરેજાણીને જો કોઈ કોર્ષ પસંદ કરશે તો પેલો વિદ્યાર્થી હોંશે હોંશે ભણશે કારણ કે તેમાં એને રસ છે. અને ભણવા બેસ-બેસ તેમ તેને કહેવું નહિ પડે તે પોતાની મેળે સતત અભ્યાસ કરશે. નવા નવા સંશોધનો પણ કરતો રહેશે. પૂરા આત્મવિશ્વાસ સાથે ભણીને શક્ય તેટલો આગળ વધવાનો પ્રયત્ન કરતો રહેશે. આમ થતાં જે તે કોર્સ કરતા કરતા જરૂરી તમામ કૌશલ્યોનો વિકાસ તેનામાં થતો રહેશે. તે પૂરા જ્ઞાન, કૌશલ્ય અને આત્મવિશ્વાસ સાથે કોર્સ પૂરો કરીને બહાર નીકળશે ત્યારે તેને નોકરીમાં રસ નહીં હોય તેને સ્વતંત્ર રીતે જ કામ કરવાનો રસ હશે અને તે તે કરીને જ જંપશે. આમ થતા તે તેના હાથ નીચે કેટલાક માણસોનો અહેસાસ પણ લેશે. સમય જતાં જે તે વ્યવસાયમાં પોતાનું સાહસ કરીને કઈ કંપની કે સંસ્થા ઊભી કરશે.

જેને આપણે તે કંપનીનો માલિક કહીશું. આવું કયારે શક્ય બન્યું જયારે તેના રસ રૂચિના કોર્સ કરીને તે પ્રમાણેમાં વ્યવસાય પસંદ કરવાની સ્વતંત્રતા આપી ત્યારે. માટે જ દરેક વાલીઓને મને કહેવાની ઈચ્છા થાય છે કે તમે તમારા બાળકને જેમ તેમ કરીને માત્ર તમારી પસંદગીનો કોર્સ કરાવશો કે કરીન માત્ર તમારી પસંદગીનો કોર્સ કરાવશો કે માત્ર જ્ઞાની જ બનાવવાનો પ્રયત્ન કરશો તો તે કોઈ પણ કંપનીમાં મજૂર કે મેનેજર બનશે પણ જો તેના રસરૂચિ મુજબના કૌશલ્ય વિકસાવશો તો તે કોઈ કંપનીનો માલિક બનસે.

'ચોઈસ ઈઝ યોર, તમારે તમારા બાળકને કોઈ કંપનીનો મજૂર બનાવવો છે કે મેનેજર કે માલિક.'

અરે ભાઈ જયારે આપણે અમિતાભ બચ્ચનની કોઈ ફિલ્મ જોતો હોઈએ ત્યારે કયારેય એવું વિચાર્યું કે તેમને ધો-૧૨માં કયાં વિષયો હતા અથવા શિખર ધવનનો ફાકડા ૧૮૫ રન કર્યા ત્યારે મેચ જોતી વખતે એવું વિચાર્યું કે તે કેટલું ભણ્યો હશે? સાહેબ મારા સચિન તેંડુલકર ધો-૧૦માં નાપાસ થયેલ. પણ તેનું આ નાપાસ થવું કયાંક આપણને ખટક્યું છે ખરું ? અરે કોઈ પણ શહેરમાં પ્રખ્યાત પાણીપૂરી કે ભાજીપાવ કે ગોટા-ફાફડા ખાવા માટે આપણે બે-ચાર કિ.મી.નો ધક્કો ખાઈને જઈએ છીએ ત્યારે કયારેય રસોઈયાને પૂછીએ છીએ કે તું કેટલું ભણેલો છે.

ના, આપણને ચટાકેદાર ખાવામાં જ રસ છે. તેના ભણતર સાથે કોઈ લેવાદેવા નથી.

તેમ દોસ્તો તમારું બાળક મોટું થઈને જો કોઈ ચોક્કસ વ્યવસાયમાં પ્રખ્યાત હશે તો આખા ગામ કે શહેરને તેને ત્યાં ધક્કો ખાવો પડશે. કોઈ તેને પૂછવાનું નથી કે તું કેટલું ભણ્યો છે. મારા મિત્રો, દરેક બાળકના રસરૂચિ, શક્તિ જાણીને ભણાવો. તમારી પસંદ કે ઈચ્છા ઠોકી ના બેસાડો.

ગુજરાતની 'મેરેથોન વોક પ્રતિભા' તરીકે કોણ જાણીતું છે ?

ખેલજગત

૧ ભારતે સૌ પ્રથમ ઓલિમ્પિક રમતોત્સવમાં કયારે ભાગ લીધો હતો?
(અ) ૧૯૦૧ (બ) ૧૯૦૫
(ક) ૧૯૦૭ (ડ) ૧૯૧૦

૨ આઈપીએલ-૪માં 'ગોલ્ડન પ્લેયર એવોર્ડ' કોને આપવામાં આવ્યો હતો ?
(અ) ક્રિસ ગેઈલ (બ) સુરેશ રૈના
(ક) તિલમ રત્ના (ડ) મહેન્દ્રસિંહ ધોની

૩ હોકીના જાણીતા ખેલાડી મેજર ધ્યાનચંદની આત્મકથાનું નામ શું હતું ?
(અ) હોકી કા જાદુગર (બ) ગોલ
(ક) સ્ટ્રાઈક (ડ) પેનલ્ટી કોર્નર

૪ કબડ્ડીનો ઉદ્ભવ કયા દેશમાં થયો હોવાનું મનાય છે ?
(અ) નેપાળ (બ) શ્રીલંકા
(ક) ભારત (ડ) મ્યાનમાર

૫ 'ફિફા' ની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ૨૧ ડિસેમ્બર, ૧૯૦૦ (બ) ૨૧ મે, ૧૯૦૪
(ક) ૨૧ ડિસેમ્બર, ૧૯૦૪ (ડ) ૨૧ મે, ૧૯૦૫

૬ કુપ્પુ સ્વામી ગોલ્ડ કપ કઈ રમત સાથે સંકળાયેલ છે?
(અ) ક્રિકેટ (બ) કબડ્ડી
(ક) ખોખો (ડ) હોકી

૭ હૉકીના કયા ખેલાડીને રાજીવ ગાંધી ખેલરત્નથી નવાજવામાં આવેલ છે?
(અ) ધનરાજ પિલ્લે (બ) સલીમ દુરાની
(ક) રૂપેન્દ્ર પાલસિંગ (ડ) આકાશદીપ સિંગ

૮ લેડી રતન ટાટા ટ્રોફી કઈ રમત માટે અપાય છે?
(અ) ટેનિસ (બ) હોકી
(ક) ચેક (ડ) ક્રિકેટ

૯ અર્જુન પુરસ્કાર વિજેતા પ્રથમ મહિલા ખેલાડી કોણ છે ?
(અ) સ્ટેફી ડિસોઝા (બ) એન સિક્કી રેડી
(ક) સ્મિતિ મંધાના (ડ) સુનિત્રા પાચેકો

૧૦ બોક્સીંગ ખેલાડી માઈક ટાઈમન કયા દેશનો છે ?
(અ) બ્રાઝીલ (બ) હંગેરી
(ક) યુએસ (ડ) ફ્રાન્સ

૧૧ એન્ટાર્કટિકા પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા કોણ છે ?
(અ) પૂનમ યાદવ (બ) મેરી કોમ
(ક) એકતા બ્રીસ્ટ (ડ) મેહર મૂસા

૧૨ ફૂટબોલ માટેનું સોલ્ટ લેક સ્ટેડિયમ કયાં આવેલું છે ?
(અ) હૈદરાબાદ (બ) બેંગ્લુરું
(ક) કોલકાત્તા (ડ) દિલ્હી

૧૩ ગુજરાતની 'મેરેથોન વોક પ્રતિભા' તરીકે કોણ જાણીતું છે ?
(અ) બાબુ પણુચા (બ) પુલેલા ગોપીચંદ
(ક) પ્રકાશ પદુકોણ (ડ) શ્રીકાંત કીદાંબી

૧૪ લોર્ડઝનું મેદાન કયા દેશમાં આવેલ છે કે જયાં ભારતે પ્રથમ ટેસ્ટ મેચ રમ્યું હતું ?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) ન્યુઝીલેન્ડ
(ક) ઈંગ્લેન્ડ (ડ) સાઉથ આફ્રિકા

૧૫ વિશ્વકપ ક્રિકેટમાં પ્રથમ હેટ્રિક મારનાર ભારતીય ખેલાડી કોણ છે ?
(અ) અનિલ કુંબલે (બ) ચેતન શર્મા
(ક) કપિલ દેવ (ડ) નરેન્દ્ર હિરવાણી

વિવિધા

ખજાનો
અનિલ પટેલ

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૯ ફેબ્રુઆરી :**
- 'બેતાબ ફિલ્મ'ની હિરોઈન અમૃતાસિંહનો જન્મદિવસ (૧૯૫૮)
- અમેરિકામાં અમેરિકન ઈન્ડિયન સોસાયટીની રચના કરવામાં આવી (૧૮૨૨)
- વિશ્વના સૌથી મોટા હવાઈ જહાજ બોઈંગ ૭૪૭ નું પ્રથમ પરિક્ષણ કરાયું (૧૯૬૯)
- રશિયાનું અંતરીક્ષ યાન સોયુઝ-૧૭ પૃથ્વી પર પાછું આવ્યું (૧૯૭૫)
- **૧૦ ફેબ્રુઆરી :**
- મહાત્મા ગાંધીએ કાશી વિદ્યાપીઠનું ઉદ્ઘાટન કર્યું. (૧૯૨૧)
- નવી દિલ્હી ભારતની રાજધાની બની. (૧૯૩૧)
- આઈ.બી.એમ. એ પ્રથમ ઈલેકટ્રોનિક કેલ્કયુલેટર બનાવ્યું. (૧૯૪૬)
- સાહિત્યકાર ઈશ્વર પેટલીકરની જન્મજયંતિ (૧૯૧૬)
- **૧૧ ફેબ્રુઆરી :**
- ભારતીય જનસંઘની બૌથિક મૂડી સમાન દીનદયાળ ઉપાધ્યાયનું નિધન (૧૯૬૮)
- હોલીવુડની ખુબસૂરત અભિનેત્રી જેનીફર એનિસ્ટનનો જન્મદિવસ (૧૯૬૯)
- પેરિસમાં મોતીયાનું પ્રથમ ઓપરેશન થયું (૧૯૧૨)
- થોમસ આલ્વા એડિશનની જન્મજયંતિ (૧૮૪૭)
- **૧૨ ફેબ્રુઆરી : સર્વોદય દિન**
- ગુજરાતમાં પ્રથમ સ્પેશિયલ ટ્રેન સુરતથી મુંબઈ ચાલુ થઈ (૧૮૮૭)
- પેનિસીલીન દવાઓ પ્રથમ ઉપયોગ થયો (૧૯૪૧)
- દિનબંધુ એન્ડ્રુઝની જન્મજયંતિ (૧૮૭૧)
- યાસર અરાફત પેલેસ્ટાઈનના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા (૧૯૯૬)
- **૧૩ ફેબ્રુઆરી :**
- હિન્દના બુલબુલ તરીકે જાણીતા સરોજિની નાયડુનો જન્મદિવસ (૧૮૭૯)
- અબ્રાહમ લિંકન અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા (૧૮૬૧)
- જાણીતા સાહિત્યકાર મોહંમદ માંકડનો જન્મદિવસ (૧૯૨૮)
- બોલીવુડના એક સમયના હેન્ડસમ અભિનેતા વિનોદ મહેરાનો જન્મદિવસ (૧૯૪૫)
- **૧૪ ફેબ્રુઆરી : વેલેન્ટાઈન ડે**
- ઈંગ્લેન્ડના સાગર સૈનિક, શોધ સફરી જેમ્સ કૂકનું નિધન (૧૭૧૯)
- ખુબ સૂરત હિરોઈન મધુબાલાની જન્મજયંતિ (૧૯૩૩)
- સુષ્મા સ્વરાજનો જન્મદિવસ (૧૯૫૨)
- ભીમસેન જોષીની જન્મજયંતિ

ગત સપ્તાહના સવાલનો જવાબ

ભારતીય મૂળની અવકાશયાત્રી કલ્પના ચાલવાનું મૃત્યુ જે યાનમાં થયું હતું તેનું નામ શું હતું? જવાબ : કોલંબીયા

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ
(૫) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ
(૬) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસી. ધોળેશ્વર પાસે
(૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૮) મૂળજીભાઈ પરમાર : સે-૭બી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ભારતીય વૈજ્ઞાનિક સી.વી. રામનને કઈ સાલમાં નોબલ પારિતોષિક મળ્યું હતું ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ગ્રંથ બતાવે પંથ !

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

મહા સુદ પાંચમ વસંતપંચમીનો દિવસ છે. પરંતુ સાથોસાથ આ દિવસનું બીજી રીતે પણ મહત્ત્વ છે. આ દિવસ શ્રીપંચમી છે. આ દિવસે સરસ્વતીનું અને પુસ્તકનું પૂજન કરવાનું છે. આ પૂજન થકી શ્રીની પ્રાપ્તિ થાય છે. આમાં પણ પુસ્તકનું મહત્ત્વ વિશેષ. સરસ્વતીની સ્તુતિમાં એનું વિશેષણ છે. - 'પુસ્તકધારિણીમ્'. એ વિદ્યાની દેવી છે. પરંતુ હાથમાં પુસ્તક ધારણ કરી રાખે છે. પુસ્તકની પૂજાનો અર્થ એટલો જ - પુસ્તક વાંચવાના અને એમાંથી જે કાંઈ પ્રેરણાદાયી લાગે, એ સહજ રીતે પોતાના આચરણમાં ઊતારવાનું. વાચક સમજે તો - ગ્રંથ તો જીવન જીવવાનો પંત બતાવે છે. જેમ કે, 'શિક્ષાપત્રી', શ્રીપંચમીએ એનું પ્રાગટ્ય છે.

અહીં સંસ્કૃત સાહિત્યમાંથી પસંદ કરેલા કેટલાક નાના પ્રસંગો, પ્રેરણાદાયક છે તેથી, પ્રસ્તુત છે :

(૧) જુગાર હારીને ઘરે આવ્યો. એની પાછળ લેણદારો પડ્યા હતા. તે ઘરમાં સંતાઈ ગયો. લેણદારો ઘરે આવ્યા. જુગારીની પત્નીએ તેમને કહ્યું, 'આમને બાંધીને લઈ જાવ!'

(૨) ચારુદત્તને ઘરે ચોરી થઈ. એ દરિદ્ર હતો. સવારે એને ખબર પડી કે ચોરી થઈ છે. ત્યારે એને ચિંતા થઈ - 'અરેરે ! ચોરને મારે ત્યાંથી ખાલી હાથે પાછા ફરવું પડ્યું હશે !'

(૩) નચિકેતાએ એના પિતા ઉદ્દાલકને ફરિયાદ કરી - 'તમે યજ્ઞમાં આવી દૂધ નહિ આપતી. વસૂકી અને દુર્બળ ગાયો કેમ દાનમાં આપો છો ?'

(૪) શકુંતલા સાસરે જતી હતી. કુલપતિ ઋષિ કણ્વએ તેને સલાહ આપી - 'દીકરી ! પિત જયારે ગુસ્સે થાય, ત્યારે એ જ વખતે એની સામે જ થતી!'

(૫) કર્ણ સૂર્યને પ્રાતઃકાળે અર્ઘ્ય આપી રહ્યો હતો. એ વખતે એક બ્રાહ્મણ ભિક્ષા માગવા આવ્યો. એણે ભિક્ષામાં કાનના કુંડળ માગ્યા. આ બ્રાહ્મણ કોણ છે. એ સમજતો હતો. તો પણ કાનમાંથી ઉતરડીને કુંડળ આપી દીધા ! પોતાના ડેથ વોરન્ટ ઉપર પોતાની જાતે જ મંજૂરીની સહી કરી નાખી.

(૬) રાજા દિલીપ ઋષિ વસિષ્ઠની ગાયને વનમાં ચરાવવા લઈ ગયો. ત્યાં એક સિંહ હતો. એણે રાજાને કહ્યું, 'આ મારો અધિકાર છે. મને ભગવાન શિવે કહ્યું છે. આ ગાય મારો આહાર છે.' રાજાએ કહ્યું, 'આ મારા શરણમાં છે એને બદલે તું મને આહાર માટે સ્વીકારી લે.' એમ કહીને સિંહ પાસે પોતાનું માથું નમાવ્યું !

(૭) યક્ષ પોતાની યક્ષિણાથી અલગ હતો. એણે વાદળ સાથે પોતાની પત્નીને સંદેશો મોકલવાનું શરૂ કર્યું. એણે કહ્યું, 'આપણો મેળાપ થશે જ. કોઈ દશા કાયમ રહેતી નથી. દશા તો પૈસાની ધરી જેવી છે. નીચે જાય પણ ઉંમર પણ આવી જાય!'

(૮) યુદ્ધ દરમિયાન અર્જુનને યુદ્ધ માટે નારાજગી થઈ. રથમાંથી નીચે ઉતર્યો. હથિયાર હેઠાં મૂકી દીધા. સારથી કૃષ્ણે એને કહ્યું, 'આ હૃદયથી દુર્બળતા છે. એને છોડી દે અને ઊભો થઈ જા!'

(૯) અશોક વાટિકામાં સીતા હતી. એની પાસે મહાપરાક્રમી રાવણ આવ્યો. સીતાએ એની સહેજ પણ શેહ રાખ્યા વગર કહી દીધું. 'રામ તો સિંહ છે. એની સામે તું શિયાળ છો!'